# પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા પૂર્વે વિચારવા જેવી બાબતો

હમણાં કેટલાક દિવસથી શિક્ષણક્ષેત્રમાં ચર્ચાનો મુખ્ય વિષય છે – પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષાનો. પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષાનો વિચાર ખોટો નથી. આમછતાં તે અંગે ઊંડાણભરી પુખ્ત વિચારણા જરૂરી છે. માટે જ સરકારે હાલ પૂરતો આ નિર્ણય વિચારણા નીચે રાખ્યો. જે સુત્ય પગલું ગણી શકાય. અહીં કેટલાક પ્રશ્નો સૌ વાચક પર છોડું છું. તેના જવાબ અંગે પુખ્ત વિચારણા કરે. પ્રશ્નો છે...... પરીક્ષા શા માટે લેવાય છે? પરીક્ષામાં સફળતા કે નિષ્ફળતાનું ધોરણ શું હોવું જોઇએ? આ ધોરણ તમામ વિષયોમાં, તમામ કક્ષાએ, તમામ વિદ્યાર્થીઓ માટે સમાન હોવું જોઇએ? પરીક્ષા માત્ર લેખિત જ હોય? આ પ્રશ્નોના જવાબ પરથી સૌ વાચકને લાગશે કે આજે પણ આપણે પરીક્ષા અંગે ઘણું વિચારવાનું બાકી છે. અહીં આપણે ચર્ચા કરીશું પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષાની.

અત્યારે લેવાતી પરીક્ષામાં મહદ્અંશે જ્ઞાન કે માહિતીની ચકાસણી કરતી પરીક્ષા જ લઇએ છીએ. શિક્ષણમાં જ્ઞાન કરતાં સમજ અગત્યની છે, સમજ કરતાં ઉપયોગ અગત્યનો છે અને આ ઉપયોગ માટે કૌશલ્ય સૌથી વધારે અગત્યનું છે. આમ જ્ઞાન તો સૌથી નીચી કક્ષાએ આવે છે, જ્યારે કૌશલ્ય સૌથી ઉપરની કક્ષાએ આવે છે. આમછતાં આપણે પરીક્ષા તો લઇએ છીએ માત્ર જ્ઞાનની જ. આ બાબતમાંથી છૂટકારો મેળવીને સાચા અર્થમાં ભાર વગર મુક્ત મને પરીક્ષા લેવી હોય તો પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષાનો તર્ક કાઢી નાંખવા જેવો નથી જ. જો આ રીતે પરીક્ષા ચોક્કસ આયોજનથી લેવાય તો તેના ફાયદા ઘણાં જ છે. પરદેશમાં અનેક કક્ષાએ આ રીતે પરીક્ષા લેવાય જ છે. અરે પરદેશમાં કે શાળામાં જ નહીં આપણા સરકારી અધિકારીઓ પણ નોકરી દરમિયાન આ રીતે પરીક્ષા આપે છે. પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા આ વર્ષથી જ લેવાની જાહેરાતથી અચંબો થયો, સાથે હાશ પણ થઇ કે ચાલો આજે નહીં તો આવતી કાલે આ દિશામાં સક્રિય પણે વિચારણા થશે જ. આમછતાં આજની રીતે ગુજરાતને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષાની વાત કરીએ તો આપણે ઘણું ઊંડાણભર્યું વિચારીને આયોજન કરવું પડશે. જે અંગે સરકાર અને શિક્ષણવિદ્દો વિચારશે તો ચોક્કસ પણે ફાયદો થશે? અહીં એક સ્પષ્ટતા કરી લઇએ કે પરીક્ષા પુસ્તક સાથેની નથી, પાઠ્યપુસ્તક સાથેની છે.

પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા કયા ધોરણ-કક્ષાના વિદ્યાર્થીઓની લેવી ? પ્રાથમિક, માધ્યમિક કે કોલેજ કક્ષાએ ? પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા વધારે ઉપયોગી ક્યાં થશે ? મારી દૃષ્ટિએ શાળા કક્ષા કરતાં કોલેજ કક્ષાએ આ રીતે પરીક્ષા લેવી વધુ ઉપયોગી અને સહેતુ રહેશે. આ અંગે યુનિવર્સિટી નક્કર વિચારણા કરશે?. અહીં માધ્યમિક શિક્ષણ બોર્ડને એક રીતે અભિનંદન આપવાઘટે કે ધો. ૧૦ અને ૧૨ના કુલ દસ લાખ વિદ્યાર્થીઓની પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા લેવાની હિંમત કરે છે. જ્યારે આપણી યુનિવર્સિટી કે જ્યાં વિદ્યાર્થી સંખ્યા કેટલાક હજાર છે તો પણ વિચારણા નથી કરતી!

કેટલા અથવા તો કયા વિષયની પરીક્ષા પાઠ્યપુસ્તક સાથે લેવી ? શું બધા જ વિષયોની પરીક્ષા આ રીતે લેવી યોગ્ય છે? જો કેટલાક વિષયની પરીક્ષા આ રીતે લેવી હોય તો શા માટે તે જ વિષયો ? ખરેખર તો પાઠ્યપુસ્તક સાથે એવા જ વિષયોની પરીક્ષા લેવાય કે જેનું વિષયવસ્તુ ભવિષ્યમાં બદલાવાનું છે. જેમકે, ઇન્કમટેક્ષના કાયદાઓ આ વર્ષે જે છે તે ભવિષ્યના વર્ષોમાં નહીં જ હોય. તો આવા વિષયનું વિષયવસ્તુ વિદ્યાર્થીએ યાદ રાખવું જરૂરી નથી. માટે ત્યાં પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષા લેવાય તો તે માનસિક અને મનોવિજ્ઞાનની રીતે યોગ્ય ગણાય. ઉપરાંત એવા વિષય કે જેમાં સમીકરણો-સૂત્રો઼ સંખ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં હોય. આવા વિષયમાં વિદ્યાર્થી માટે સૂત્રને યાદ રાખવું જરૂરી નથી. મોટો થયા પછી નોકરીધંધામાં

તેના ટેબલ પર સૂત્રોની યાદી લખેલી રાખીને પણ કામ કરી શકશે. અગત્યની બાબત એ છે કે, કઇ બાબતમાં કયા સૂત્રનો ઉપયોગ કરવો. આ સમજ વિકસાવવી અગત્યની છે. સૂત્રો યાદ રાખવા અગત્યના નથી. આ ઉપરાંત અન્યભાષામાં પણ પાઠયપુસ્તક સાથેની પરીક્ષા લઇ શકાય. કારણકે અન્ય ભાષાના વિષયવસ્તુથી વિદ્યાર્થી પરિચિત થાય અને જે તે ભાષાનો જરૂરી ઉપયોગ કરી શકે તે અગત્યનું છે. નહીં કે કૃતિનું વિષયવસ્તુ.

પાઠયપુસ્તક સાથેની પરીક્ષાના પ્રશ્નપત્રોમાં પ્રશ્ન જ્ઞાનની ચકાસણી કરનાર નહીં, પણ સમજ અને ઉપયોજન અંગેના હોવા જોઇએ. આજે પણ ધો.૧૦-૧૨ માં બ્લ્યુપ્રિન્ટ પ્રમાણેના પ્રશ્નપત્રો કાઢવામાં મુશ્કેલી અનુભવતા શિક્ષકો પાઠયપુસ્તક સાથેની પરીક્ષા માટેના સમજ અને ઉપયોજનને લગતાં પ્રશ્નો યોગ્ય રીતે વિવિધતા ભર્યા કાઢી શકશે? આ માટે પરિણામલક્ષી સેમિનાર અને તાલીમ વર્ગો યોજવા જ પડે.

ધો.૧૦-૧૨ માં બોર્ડની પરીક્ષામાં ચોરી થતી નથી તેમ સાબિત કરતા સરકારી આંકડા કેટલા સાચાં છે તે સૌ કોઇ જાણે છે. ત્યારે પાઠયપુસ્તકને બદલે અન્ય સંદર્ભ પુસ્તકો -ગાઇડ લઇને વિદ્યાર્થીને રોકવા આજના શિક્ષકો, આચાર્ય અને વાલી કટીબદ્ધ છે?

આજના ચાલુ પાઠયપુસ્તકોની કેટલીક મર્યાદા છે. આમછતાં આજની પરીક્ષા પદ્ધતિને આધારે ચાલી જાય છે. પણ જો પાઠયપુસ્તક સાથે પરીક્ષા લેવાની હોય તો આ પાઠયપુસ્તકો કોઇપણ રીતે ન ચાલે. પાઠયપુસ્તક સાથેની પરીક્ષા લેવાની હોય ત્યાં પાઠયપુસ્તકો વિસ્તૃત માહિતી અને સમજ પિરસતા વિષયવસ્તુથી ઉભરાતા સાચા અર્થમાં સમૃદ્ધ હોવા જોઇએ. તેમાં વિષયવસ્તુની સાથે પ્રોજેક્ટ અને સ્વાધ્યાય પણ બદલવા પડે. પુસ્તક કેટલા પેજનું છે તે ન વિચારતા તેમાં કેટલું વિષયવસ્તુ કેવી રીતે પિરસાયું છે તે વિચારવું પડે. સાથે શાળા-કોલેજ કક્ષાએ પુસ્તકાલયો સમૃદ્ધ કરવા પડશે. વિદ્યાર્થીઓને ઇતરવાચન, પૂરકવાચન, વિશેષવાચન અને શિષ્ટવાચન માટે તૈયાર કરવા પડશે.

આ રીતે પરીક્ષા માટે વિદ્યાર્થી, વાલી, શિક્ષક,આચાર્ય, અને અધિકારીઓ પૂરા સક્ષમ છે? તેમને તૈયાર કરવા માટે ચોક્કસ પ્રકારનું આયોજન કરીને વાતાવરણ સર્જવું પડે. તેમાં પણ આજનો વિદ્યાર્થી, વાલી અને શિક્ષક ગાઇડથી ટેવાયેલ છે. ત્યારે આ ચેલેન્જ સાચા અર્થમાં ચેલેન્જેબલ જ બનશે.

પાઠયપુસ્તક સાથેની પરીક્ષામાં પાસ થવું ખુબ જ સરળ બનશે, પણ ઊંચો સ્કોર લાવવો એટલું જ અઘરું બનશે. હોશિયાર વિદ્યાર્થીઓ પણ પાઠયપુસ્તક સાથેની પરીક્ષા આપવાની છે તેમ માનીને આળસુ બની જશે. આજે ૮૦ ટકા લાવનાર અને ૯૦ ટકા લાવનાર વિદ્યાર્થીઓ પાઠયપુસ્તક સાથેની પરીક્ષામાં લગભગ સરખું જ પરિણામ લાવશે. આમ પાસ થનાર વિદ્યાર્થી વધશે પણ સ્કોલર વિદ્યાર્થીની સંખ્યા ઘટશે. છતાં એક બાબત ખાસ વિચારવી જ રહી કે, પરીક્ષામાં પાસ થવાનું ધોરણ અત્યારે ૩૫ ગુણનું છે, પણ પાઠયપુસ્તક સાથેની પરીક્ષામાં આ ધોરણ ઊંચું લઇ જ જવું પડે. તો કયા વિષયમાં કેટલું રાખવું તે નક્કી કરવું પડશે.

એવું સાંભળવા મળે છે કે, પાઠયપુસ્તક સાથેની પરીક્ષા લેવાનો હેતુ વિદ્યાર્થીઓ સરળતાથી પાસ થાય અને તેમને માનસિક ટેન્શન ન રહે તે છે. ત્યારે કહેવાનું મન થાય કે વિદ્યાર્થીઓને પાસ કરવા માટે આટલા ઉધામા કરવાની જરૂર નથી. અત્યારની પદ્ધતિએ જ પરીક્ષા લો અને પાસ થવાનું ધોરણ ૨૦ ટકા કરી નાંખો. આમ વિદ્યાર્થીને પાસ કરવા માટે કોઇ નિર્ણય લેવાય તે કોઇ પણ રીતે સ્વીકાર્ય નથી. પરીક્ષા પાસ કે નાપાસ માટે નથી હોતી. પરીક્ષા વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે હોય છે.

ઉપરોક્ત જેવી બીજી ઘણી બાબતો વિચારવા જેવી છે. જેમ વિચારશો તેમ નવી બાબતો જડશે. અંતે સૌ શિક્ષણવિદ્દો પોતપોતાની ભૂમિકા ભજવે અને સરકાર તે પ્રમાણે આયોજન કરે તે શિક્ષણના હિતમાં હશે